અનુસૂચિત જાતિ/જનજાતિના આદેશો/સુધારો/ અધિનિયમ-૧૯૭૬ અન્વયે અનુસૂચિત જનજાતિ તરીકેના પ્રમાણપત્રો આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર નં. એસટીડબલ્યુ-૧૦૭૭-૬૫૪૦-૭૮-જ.**
**સચિવાલય, ગાંધીનગર, તા. ૧૫/૫/૭૮**

**વંચાણમાં લીધા :-**

૧. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૭૭-૨૫૭૯૮-જ, તા. ૨૩-૫-૭૭.

૨. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ખાનગી પત્ર નં.: એસસીડબલ્યુ-૧૦૭૭-૮૬૬૦૨-જ, તા. ૧-૧૦-૭૭.

૩. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ખાનગી પત્ર નં.: એસસીડબલ્યુ-૧૦૭૭-૭૯૪૦૭-જ, તા. ૨-૩-૭૮

૪. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ખાનગી પરિપત્ર ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૭૮-૬૫૪૦-જ, તા. ૩૦-૩-૭૮.

**પરિપત્ર :-**

આમુખમાં જણાવેલા પરિપત્રો/પત્રોથી સરકાર તરફથી બીજી સુચના આપવામાં ન આવે ત્યાં સુધી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આદેશો/સુધારો/અધિનિયમ ૧૯૭૬ અન્વયે જાતિ અંગેના પ્રમાણપત્રો કાઢી ન આપવા માટે લાગતા વળગતા અધિકારીઓને સુચનાઓ આપવામાં આવેલ છે. આ અધિનિયમ તા. ૨૭-૭-૭૭ થી અમલમાં આવેલ છે.સરકારે હવે નક્કી કરેલ છે કે આ અધિનિયમમાં ગુજરાત રાજ્ય માટેની અનુસૂચિત જનજાતિની જે યાદી આપવામાં આવી છે તે યાદીમાં જણાવેલ અનુસૂચિત જનજાતિના લોકોને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રો કાઢી આપવામાં હરકત નથી. આથી આમુખમાં દર્શાવેલા પરિપત્રો/પત્રોમાં અંશતઃ સુધારો કરીને ઉપર જણાવેલ અધિનિયમમાંની જોગવાઈઓને અનુલક્ષીને અનુસૂચિત જનજાતિના લોકોને ખરેખર તે જાતિના છે તેની ખાત્રી કરીને તેઓને તે જાતિ તરીકેના પ્રમાણપત્રો કાઢી આપવા માટે સુચના આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કા. જે. રાઠોડ,
સેકશન અધિકારી,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, અમદાવાદ,

મુ. મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર,

મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

બધા સંસદીય સચિવશ્રીના અંગત મદદનીશો,

સચિવાલયના બધા વિભાગો,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ (જરૂરી સુચના બહાર પાડવા સારું)

બધા ખાતાઓના વડાઓ,

બધા કલેકટરશ્રીઓ,

બધા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

બધા મામલતદારશ્રીઓ,

બધા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,

* સચિવશ્રી, ગુજરાત રાજ્ય સેવા કમિશન, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત રાજ્ય પંચાયત સેવા પંચ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી પંચ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

* સચિવશ્રી, ગુજરાત ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

મેનેજિંગ ડાયરેકટરશ્રી, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશન, પંચાયત ભવન, સેકટર-૧૭, ગાંધીનગર.

એકઝીક્યુટીવ ડાયરેકટરશ્રી, આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ''હરીકૃપા'' શેઠ મંગળદાસ માર્ગ, અમદાવાદ.

વિભાગની બધી શાખાઓ, (જ સિવાય)

સીલેકટ ફાઈલ.